Shree Vinayak
Transport Service

તારીખ: ૦૬/૦૩/૨૦૨૪

પ્રતિશ્રી ,
પ્રમુખશ્રી,
ગાંધીધામ ટેન્કર એસોસીએશન,
ગાંધીધામ, કચ્છ.

વિષય : **કેમીકલ ભરેલ વાહનનો ની માલની વારંવાર ચોરીના બનાવો બનતા હોવાથી તેને રકવા બાબત અરજી.**

માનનીય સહેબશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે હું હીતેષ રાખ્યાભાઈ મરંડ, ગાંધીધામ મેરીટાઈમ હાઉસ બીલ્ડીગ, પ્લોટ નં.૪૫, સેકટર–૯ મધ્યે શ્રી વિનાયક ટ્રાન્સપોર્ટ સર્વીસ ના નામથી ટ્રાન્સપોર્ટ નો વ્યવસાય ચલાવું છું.

ગત તારીખઃ ૨૨/૨/૨૦૨૪ ના સાંજે ૮:૦૦ વાગ્યા ની આજુબાજુ અમારી ટેન્કર વાહન નં. GJ-12-BT-1881 માં ટોલ્યુન કેમીકલ એમજેય કેમ ટ્રેડ પ્રાઈવેટ લીમીટેડ, સોનીપત, હરીયાણા મોકલવા માટે ડ્રાઈવર– સોઢારામ નારણરામ, રહે. જગદમ્બા સોસાયટી, કીડાણા (મો.નં.૯૯૨૯૦૧૪૨૫૭) મારફતે મોકલાવેલ હતું. ત્યાર બાદ તારીખઃ ૨૫/૦૨/૨૦૨૪ ના રોજ અમોને ગામઃ જુપા, સીવાની, હીરયાણા મધ્યે થી બીજા ડ્રાઈવર થી ફોન આવેલ અને અમોને માહિતી મળેલ કે અમારા આ વાહન સળગેલી હાલતમાં રોડ ઉપર પડેલ છે.

ત્યારબાદ અમોએ અમારા ડ્રાઈવરને ફોન કરતાં તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો. અને અમારો આ ડ્રાઈવર– સોઢારામ નારણરામ નો આજ સુધી કોન્ટેક થયેલ નથી કે તેનાથી ફોન પર વાત થયેલ નથી કારણ કે તેનો ફોન સતત બંધ આવે છે.

અમોએ રૂબરૂ અમારા માણસોને મોકલાવેલ ત્યારે તપાસ કરી અને જાણવા મળેલ કે અમારી ગાડીનો આગળનો ભાગ બળી ગયેલ છે, અને ટેન્કર નો સીલ જોવા મળેલ નથી અને કેમીકલ નો ઘણો ખરો માલ કાઢી નાખવામાં આવેલ છે. જેની કિંમત અંદાજે રૂપિયા ૩૫ લાખ જેટલી થાય છે.

પાના નં.૨..

Telefax : +91 2836 230338
Mobile : +91 99799 17598, +91 99749 19851
E-mail : svts.logistics@gmail.com, info@svts.co.in
Web : http://svts.co.in

Shop No. 209, 2nd Floor, Meritime House, Plot No. 45,
Sector - 9, N.H. 8/A, Gandhidham - Kutch. 370201.

(૨)

આવી ઘટના વારંવાર રાજગઢ (રાજસ્થાન) અને સિવાની (હરિયાણા) વિસ્તાર આજુબાજુ થતી રહે છે અને ગાડી માલીક અને ધંધાને ઘણું નુકશાન થાય છે અને ખોટી હાલાકી ભોગવવી પડે છે. આવા બનાવો પછી ફરીયાદ કે એફ.આઈ.આર. લેવામાં પણ પોલીસ તંત્ર ધ્વારા ગાડી માલીકને ઘણી હાલાકી ભોગવવી પડે છે, ડ્રાઈવરને લાલચ આપી કે ધમકાવી કે તેની સાથે મીલીભગત કરી, ત્યાંના અડા વાળાઓ તથા આ કાર્ય કરતી ગેરકાયદેસર શખ્સો સાથે મળી જઈને આવા બનાવો પણ વધારે બને છે આ બાબતના પુરાવા પણ છે અને તે રજુ કરવામાં આવે તો પણ સમસ્યાનો હલ થતો નથી. છેલ્લા ૧૨ મહિનાથી આવા ૧૦ થી ૧૨ બનાવો બનેલ છે. અને જો ભવિષ્યમાં પણ આવી ઘટના બનતી રહેશે તો ધંધોર્થીઓને મોટી હાલાકી ભોગવવી પડશે.

આથી આપશ્રીને વિનંતી કે આવા બનાવ આગળ ન બને તે માટે ગાંધીધામ ટેન્કર એસોસીએશન ધ્વારા પોલીસ તંત્ર સમક્ષ અને ઉચ્ચ કક્ષાના અધિકારો સમક્ષ રજુઆત કરવામાં આવે તેવી વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

SHREE VINAYAK TRANSPORT SERVICE

હીતેશ રાધ્યાભાઈ મરંડ
અરજદાર